જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૯/૨૦૨૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૩૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૨૦૫ લીટર દેશી દારૂ, ૦૮ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫૨૮ બીયર ટીન, ૦૧ બોલેરો જીપ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તથા જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮,૪૮૫/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૩૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

બીજા માળેથી પડી જતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૨૩૬/૨૦૨૫**

ખોખરાઃ ગોધરા જિ.પંચમહાલ તા.ઘોઘંબા ગામ.ગુંદી ખાતે રહેતા વિક્કલભાઈ બારૈયા નાઓનો સગીર વયનો પુત્ર થોડા સમય પહેલા વતન થી અમદાવાદ ખોખરા રાધિકા કન્ટ્રકશન સાઈટ ખાતે કામ કરતા સંબંધીને મળવા આવેલ હતો. જે તા.૩૧/૦૮/૨૦૨૫ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે ખોખરા રાધિકા કન્ટ્રકશન સાઈટ બિલ્ડિંગના બીજા માળે જઈ ગણપતિ વિસર્જન જોતો હતો ત્યારે બિલ્ડીંગના બીજા માળેથી નીચે પડી જતા, ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેને નિકોલ કોઠીયા હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૧/૦૯/૨૦૨૫ કલાક ૧/૩૫ વાગે તેનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.ચૌધરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી